# પૂ. ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

## આવો... એક અનેરા વ્યક્તિત્વને જાણીએ...



મુંબઇથી ૨૦૦૦ કિ.મી. નો ઉગ્ર વિહાર કરી, હર એક ક્ષેત્રમાં માનવકલ્યાણ અને જીવદયાના કાર્યોની પ્રેરણા સાથે અર્હમ યુવા ગ્રુપની સ્થાપના કરી, હર એક બાળક જૈનત્વના સંસ્કારથી સમૃદ્ધ બની... ભાવિના ભગવાન બને એવી ભાવના સાથે લુક એન લર્ન જૈન જ્ઞાનધામ શરૂઆત કરી. પ્રથમ વાર પૂર્વ ભારતમાં પદાર્પણ કરી રહેલાં ગોંડલ સંપ્રદાયનાં યુગદ્રષ્ટા ક્રાંતિવીર યુવા હૃદય સમ્રાટ પૂજ્ય ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મ.સા.નું સ્વાગત કરતાં સમસ્ત પૂર્વભારતનાં ભાવિકો અત્યંત આનંદની લાગણી અનુભવે છે. પૂ. ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મ.સા., જેમણે માત્ર ત્રણ જ વર્ષની ઉંમરે પિતાની છત્રછયા ગુમાવી અને સંઘર્ષમય જીવન જીવ્યાં, "મહાવીર" નામે નાગપુરમાં જન્મ થયો પણ અભ્યાસ લાઠી... દિલ્હી અને અમરેલીમાં કર્યો. નાનપણથી જ 6th Sense એકદમ જાગૃત... જે વચન કહે તે પ્રમાણે જ બને... હૃદયની સરળતા અને નિખાલસતાના કારણે આજે વચન સિદ્ધ સંત તરીકે પ્રસિદ્ધિ પામી રહ્યાં છે. નાનપણથી જ હૃદયમાં દયા અને અનુકંપા ભારોભાર ભરેલા... માટે જ લાઠીમાં જ્યારે દુકાળ પડ્યો ત્યારે ગામવાસીઓ માટે રાહત દરે જનતા તાવડો શરૂ કરી જાતે જ જલેબી-ગાંઠિયા બનાવવા લાગ્યાં... એ બીજ આજે વટવૃક્ષ બની ગયું અને માનવતાનાં પૂંજ બની ગયાં. સેવાનાં એક કાર્યની શરૂઆતે આજે માનવસેવાના કાર્યોની વણઝાર ઊભી કરી દીધી. એક મધ્યરાત્રિએ દૈવી સંકેત મળ્યો કે આયુષ્ય અલ્પ છે, જે કરવું હોય તે કરી લે... આખી રાત ચિંતન-મનન કરી... સવારે મમ્મીને વાત કરી...મમ્મીએ દીક્ષાની પ્રેરણા કરી. નાનપણથી આદત રહી સંશોધન વૃત્તિની...! થર્મોમીટરમાં તાવ કેવી રીતે આવે છે. તે જોવા ખીચડીમાં થર્મોમિટર મૂકીને જુએ... T.V. માં કલર્સ ક્યાંથી આવે છે તે જોવા ટીવીના એક એક પાર્ટસને ખોલીને જુએ... હવે દીક્ષા લેવી છે તો કયો ધર્મ શ્રેષ્ઠ છે તે જાણવા કુરાન, બાઈબલ આદિ ગ્રંથોનો અભ્યાસ કરી દરેક ધર્મનું સંશોધન કર્યું... અંતે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની રક્ષા અન ે એમના પ્રત્યે દયા રાખવાનું બતાવતો જૈન ધર્મ અનુકંપાવાન મહાવીરને શ્રેષ્ઠ લાગ્યો અને જૈન ધર્મ અનુસાર માત્ર ૨૧માં વર્ષે દીક્ષા લઇ...

*અલગારી મહાવીર અણગારી નમ્રમુનિ. મ.સા. બની ગયાં.*

## પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.નો જીવન પરિચય...

સંયમ સ્વીકાર પછી પાંચ વર્ષ સુધી આગમોનો અભ્યાસ કરી એના એક-એક રહસ્યોને ઉકેલ્યાં અને માટે જ આજે એમની મૌલિક અને પ્રભાવક અવિરત વહેતી જ્ઞાનવાણી અને આત્માને નિર્મળ બનાવતી આત્મસિદ્ધિ જૈન-જૈનેત્તરના હૃદયને સ્પર્શી અંતરમાં ઊતરી જાય છે!!!

પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિરૂપ... મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનાં અખંડ આરાધક પૂ. ગુરૂદેવની જપસાધના, ભાવપૂજન અને મહાવિદેહક્ષેત્રની ભાવયાત્રાની લોકો આતુરતાથી પ્રતિક્ષા કરતાં હોય છે. આજના બાળકોને... આજના યુવાવર્ગને... અધ્યાત્મના પંથે વાળવા... એમને પરમાત્માની પહેચાન કરાવવા... ભક્તિરસમાં ભીંજવી.... પ્રેમ અને વાત્સલ્યનો ધોધ વહાવી પોતાના બનાવી રહ્યા છો.

સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઇ, દેવલાલી, નાસિક, ધુલિયા, જલગાંવ, માલેગાંવ, આકોલા, નાગપુર, રાયપુર, સંબલપુર, રાઉલકેલા, રાંચી આદિ ક્ષેત્રોમાં ધર્મની પ્રભાવના... માનવકલ્યાણ અને જીવદયાની પ્રેરણા, પરમાત્મા પ્રત્યેની ભક્તિનો ભાવ જગાવી... પેટરબાર સ્થિત ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જયંતમુનિ મ.સા. ના દર્શન કરી એના અનુપમ સાનિધ્યને માણી કોલકાતા પધારેલ છે. કોલકાતા વાસીઓએ એમનું ભક્તિભાવે ભાવભીનું સ્વાગત કરેલ એમનાં આગમનને પ્રેમના પુષ્પોથી વધાવેલ... એમની પ્રભાવક જ્ઞાનવાણીનો લાભ લેવા... એમના પોઝીટીવ વાઇબ્રેશન્સથી સમૃદ્ધ સાનિધ્યને માણવા ચાલો આ ચાતુર્માસમાં આપણે સહુ ભકિત ભાવપૂર્વક જોડાઈ જઈએ.

પૂ. ગુરુદેવે કલકત્તા મહાનગરીમાં તા. ૨૫.૦૬.૦૯ના રોજ ધામધૂમપૂર્વક પ્રવેશ કરેલ છે. તા. ૨૮.૦૬.૦૯ના રોજ ૨૭, પોલોક સ્ટ્રીટ, ઉપાશ્રય મધ્યે મહાપ્રભાવક ઉવસગહરં સ્ત્રોતનાં જાપનું ભવ્યાતિભવ્ય રીતે આયોજન કરવામાં આવેલ. તા. ૦૫.૦૭.૦૯ના રોજ કમાણી જૈન ભવન મધ્યે પૂ. ગુરુદેવો તથા સતીવૃંદોનું વાજતે-ગાજતે ચાતુર્માસ પ્રવેશ કરેલ. એ જ દિવસે મહાવીર ધામ મધ્યે પૂ. નમ્રમુનિ મહારાજના સાનિધ્યમાં ભવ્ય રીતે સ્વાગત સમારોહ ઉજવવામાં આવેલ. એજ દિવસે સાંજે હજારો શ્રદ્ધાળુઓ-ભક્તોની હાજરીમાં પૂ. ગુરુદેવનો ગુરૂપૂર્ણિમા ઉત્સવ તથા એક અનેરો સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવવામાં આવેલ. ત્યારબાદ લગાતાર પાંચ રવિવાર સુધી વિવિધ જાતની શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં હજારોની સંખ્યામાં આ ઐતિહાસિક શિબિરમાં ભાઈ-બહનોએ ભાગ લીધેલ.